

## (B - 33)
## જય જિનવર નમીએ

(પ્રિયતમ પ્રભુ નમીએ આપને–એ દેશીમાં)

જય જિનવર નમીએ આ....પને
જપીએ પાવન તુમ જા....પને....જય૦ (ટેક)

આતમ-રામી શિવપદ-ગામી (૨)
હરતા ભવ ભવ પા....પને જય૦ ૧

સુખ કરનારા ભવિજન પ્યારા (૨)
જગપતિ ત્રિભુવન ના...થને જય૦ ૨

અંતરજામી નિરમળનામી (૨)
જગતગુરુ જગ ના...થને જય૦ ૩

કુમત-હરતા સુમત-દાતા (૨)
ભવતારક ભગવં.....તને જય૦ ૪

ઉપશમરસધર મૂરતિ સુંદર (૨)
સેવક પૂજે અરિહં....તને જય૦ ૫